# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-06-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Firday** **National News**

**આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.**

*************************************************

- ✓ NEET પેપરમાં કથિત ગેરરીતિ મામલે લોકસભાની કામગીરી સોમવાર સુધી સ્થગિત, રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ અંગે ચર્ચા
- ✓ જમીન કૌભાંડ સંલગ્ન મની લૉન્ડ્રીંગના કેસમાં ઝારખંડની વડી અદાલતે હેમંત સોરેનને જામીન પર મુક્ત કર્યા
- ✓ કર્ણાટકના હાવેરી જિલ્લામાં માર્ગ અકસ્માતમાં 13 લોકોના મૃત્યુ, ચારને ગંભીર ઈજા
- ✓ જમ્મૂ કાશ્મીરના ઉપર રાજ્યપાલ મનોજ સિન્હાએ વિધિવત રીતે અમરનાથ યાત્રા માટે પ્રથમ જથ્થાને રવાના કર્યો
- ✓ આગામી ચાર દિવસમાં ગુજરાત સહિત દેશના અનેક ભાગોમાં ભારે વરસાદની આગાહી, કેરળમાં ભારે વરસાદને પગલે અનેક જિલ્લાઓ બેહાલ

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PARLIAMENT ADJOURNED

**NEET – UG** મામલે થયેલા હોબાળા બાદ લોકસભાની કામગીરી સોમવાર સુધી મોકૂફ રખાઈ છે. રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા ચાલી રહી છે.

આ પૂર્વે લોકસભા ગૃહની કાર્યવાહી શરૂ થતા અધ્યક્ષ ઓમ બિરલાએ નીટ પેપર લીક મુદ્દે વિપક્ષી દળો દ્વારા આપવામાં આવેલા સ્થગન પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો હતો. વિપક્ષે નીટ પરીક્ષામાં કથિત ગેરરીતિનો મુદ્દો ઉઠાવ્યો હતો અને ચર્ચાની માગ કરી હતી. અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું કે રાષ્ટ્રપતિનાં અભિભાષણના આભાર પ્રસ્તાવ દરમિયાન અન્ય કોઈ ચર્ચાને મંજૂરી ન આપી શકાય.

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે તેઓ વિદ્યાર્થીઓને સંદેશ આપવા માગે છે કે આ એક મહત્વનો મુદ્દો છે. જે બાદ કોંગ્રેસ, ડ઼ીએમકે, સપા અને ટીએમસી સહિતના સાંસદોએ હોબાળો કરતા કાર્યવાહી સોમવાર પર મુવતવી રખાઇ હતી.

# HEMANT SOREN BAIL

ઝારખંડની વડી અદાલતે પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનને જમીન કૌભાંડ દ્વારા મની લૉન્ડ્રીંગના એક કેસમાં જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો છે. આજ કેસમાં ગઈકાલે રાંચીની નીચલી અદાલતે પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની ન્યાયિક કસ્ટડી ચૌદ દિવસ માટે વધારી દીધી હતી. જેની સામે સોરેનના વકીલે ઉચ્ચ અદાલતમાં અપીલ કરી હતી.

ઝારખંડ મુક્તિ મોર્ચાના નેતા હેમંત સોરેન સામે ગેરકાયદેસર રીતે 8.36 એકર જમીન કબ્જે કરવાનો આરોપ છે. પ્રવર્તન નિદેશલય એટલે કે ઈડીએ 31 જાન્યુઆરીના રોજ પૂર્વ મુખ્યમંત્રીની ધરપકડ કરી હતી.

# KARNATAKA-ACCIDENT

કર્ણાટકના હાવેરી જિલ્લામાં એક માર્ગ અકસ્માતમાં 13 મુસાફરોના મૃત્યુ થયા છે, જ્યારે ચાર લોકોને ગંભીર ઈજા થવા પામી હતી. મૃતકોમાં આઠ મહિલાઓ અને બે બાળકોનો સમાવેશ થાય છે.

પુણે-બેંગલુરુ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આજે વહેલી સવારે આ અકસ્માત થયો હતો. ચાર ઇજાગ્રસ્તોને હાવેરી જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

હાવેરીના પોલીસ વડાએ અકસ્માત સ્થળની મુલાકાત લીધી હતી, અને ઘટના અંગે ગુનો નોંધવામાં આવ્યો હતો.

# PM MANNKI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે સવારે 11 વાગે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો એકસો 11મો એપિસોડ છે. શ્રી નરેન્દ્ર મોદીના ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા બાદ આ તેમનો પ્રથમ કાયક્રમ છે. આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પર તેનું જીવંત પ્રસારણ કરાશે. આકાશવાણી પર હિન્દીમાં આ કાર્યક્રમના પ્રસારણના તુરંત બાદ તેને પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત કરાશે.

# US PRESIDENT

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડન અને તેમના પ્રતિસ્પર્ધી રિપબ્લિકન નેતા ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે રાષ્ટ્રપતિ ચૂંટણી માટેની પ્રથમ જાહેર ચર્ચા થઈ હતી. બંને નેતાઓએ આર્થિક નીતિઓ વિશે એકબીજાની ટીકા કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પે પોતાના કાર્યકાળ દરમિયાન આર્થિક સ્થિતિ, કોવિડ મહામારીને પાર પાડવા સંદર્ભે પોતાના કાર્યકાળમાં થયેલા કામોનો ઉલ્લેખ કર્યો.

રાષ્ટ્રપતિ જો બાઇડને કોવિડ મહામારી દરમિયાન આર્થિક નીતિ મુદ્દે ટ્રમ્પ સરકારની ટીકા કરી. શ્રી બાઇડને કહ્યું કે તેમને એક એવું અર્થતંત્ર મળ્યું જે ધ્વંસ થઈ ચૂક્યું હતું અને બેરોજગારી 15 ટકાના જોખમી સ્તરેહતી. જેના જવાબમાં ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો કે તેઓ સત્તામાં હતા એ સમયે અમેરિકા વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર હતું.

# NASA SUNITA

અવકાશ યાત્રી સુનિતા વિલ્યમ્સ અને બૂચ વિલ્મોરના ધરતી પર પરત ફરવામાં વિલંબ થઈ રહ્યો છે. અહેવાલ અનુસાર તેમના પરત ફરવાની નવી તારીખ 6 જુલાઈ રાખવામાં આવી છે. મૂળ મિશન માત્ર આઠ દિવસનું હતું, જે હવે એક મહિના સુધી ચાલશે.

મીડિયા અહેવાલો અનુસાર નાસા અને બોઇંગ સામે ગંભીર આરોપો મુકાઈ રહ્યા છે કે તેઓ 5 જૂને થયેલા લૉન્ચ પહેલાથી સ્ટારલાઇનર અવકાશયાનમાં હિલિયમ લીક વિશે માહિતગાર હતા. આમ છતાં તેમણે લૉન્ચની પ્રક્રિયાને આગળ ધપાવી. ભારતીય મૂળના અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સ સહિત અન્ય અવકાશ યાત્રીની પરત ફરવાની તારીખ અગાઉ 13 જૂન, બાદમાં 26 જૂન રાખવામાં આવીહતી. જોકે આ તારીખ વધારીને 6 જુલાઈ કરી દેવાઈ છે..

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# J&K-AMARNATH YATRA

આવતીકાલથી અમરનાથ યાત્રઆનો વિધિવત પ્રંરભ થઈ રહ્યો છે.

**જમ્મુ અને કાશ્મીરના ઉપરાજયપાલ મનોજ સિન્હાએ આજે સવારે જમ્મુના ભગવતી નગર બેઝ કેમ્પથી અમરનાથ યાત્રા માટે ભક્તોના પ્રથમ ટુકડી રવાના કરી હતી.**

**આ પ્રસંગે પત્રકારો સાથે વાત કરતા ઉપ-રાજયપાલે જણાવ્યું હતું કે છેલ્લા ત્રણથી ચાર વર્ષમાં શ્રદ્ધાળુઓને ઘણી સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.**

**તેમણે કહ્યું કે આ વખતે પણ જમ્મુ-કાશ્મીર પ્રશાસને તમામ જરૂરી તૈયારીઓ કરી છે અને પૂરતી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.**

**અમરનાથ યાત્રા પહેલા જમ્મુમાં હજારો શ્રદ્ધાળુઓ એકઠા થયા હતા. કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે પ્રથમ ટુકડી પહલગામ અને બાલટાલ બેઝ કૅમ્પ સુધી પહોંચશે. અહીંથી તેઓ અમરનાથ યાત્રા શરૂ કરશે.**

# KERALA _ UPDATED

કેરળમાં ભારે વરસાદને કારણે વિવિધ જિલ્લાઓમાં મોટાપાયે નુકસાનના અહેવાલ છે. પથનામથિટ્ટા, ઇડુક્કી, વાયનાડ, તિરુવંનતપુરમ સહિતના અન્ય સ્થળો ઉપર રાહત શિબિરો શરૂ કરાયા છે. હવામાન વિભાગે વાયનાડ, કન્નૂર અને કાસરગોડ જિલ્લામાં ઑરેન્જ અલર્ટ, જ્યારે અન્ય ૭ જિલ્લાઓમાં યલો અલર્ટ જાહેર કરાયું છે. વિવિધ સ્થળો ઉપર ભૂસ્ખલન અને દરિયાઈ ધોવાણના અહેવાલ છે.

નવ જિલ્લાઓંમાં ગંભીર રીતે અસર થવા પામી છે, આ જિલ્લાઓમાં NDRFની ટીમો તૈનાત કરાઈ છે. સાથે જ રાહત અને બચાવ કામગીરીમાટે વિશેષ ભંડોળ ફાળવવામાં આવ્યું છે. પર્વતીય વિસ્તારોમાં પર્યટન અને ખોદકામ પરપ્રતિબંધ મૂકાયો છે. ઉપરાંત માછીમારોને કેરળ, કર્ણાટક, લક્ષદ્વીપના કાંઠા વિસ્તારોમાં માછીમારી ન કરવાની સલાહ આપવામાં આવી છે.

# INDIA WEATHER

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન પશ્ચિમી રાજ્યોમાં ભારે વરસાદની અગાહી કરી છે. ગુજરાતમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાંક ભાગો ઉપરાંત કેરળ, દક્ષિણ કર્ણાટક, તમિલનાડુ, તેલંગાણા, આંધ્ર પ્રદેશના કાંઠા વિસ્તારો, ગોવા અને મહારાષ્ટ્રમાં ભારે વરસાદ પડી શકે છે. જ્યારે કે પૂર્વીય અને મધ્યભાગોમાં મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, ઓડિશા, બિહાર અને ઝારખંડમાં આગામી બે દિવસોમાં ભારે વરસાદની શક્યતા છે.

તો પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારો, સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, નાગાલૅન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ગાજવીજ સાથે વરસાદ તેમજ કટેલાક સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. દરમિયાન રાજધાની દિલ્હીમાં ભારે વરસાદને કારણે વાહન વ્યહારને અસર થવા પામી છે. વહેલી સવારે પડેલા ભારે વરસાદ બાદ દિલ્હીના કેટલાક વિસ્તારો જળમગ્ન બન્યા હતા.

## DR.USHA THAKUR-KATHMANDU-AWARD

હિન્દી સાહિત્યમાં પ્રદાન બદલ ડૉ. ઉષા ઠાકુરને 12મા વિશ્વ હિન્દી પુસ્કારથી સમ્માનિત કરાયા છે. નેપાળમાં ભારતીય દૂતાવાસ દ્વારા આયોજિત હિન્દી સંવાદ કાર્યક્રમમાં તેમને આ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. તેમણે હિન્દી ભાષાને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા આ પુરસ્કાર જાહેર કરવામાં આવે છે. આ પ્રસંગે સંબોધન કરતા ડૉ. ઉષા ઠાકુરે કહ્યું કે નેપાળમાં પ્રવાસીઓ અને સ્થાનિક લોકો વચ્ચે વાતચીતની ભાષા તરીકે હિન્દી લોકપ્રિય બની રહી છે.